# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-04-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરમીની મોસમની તૈયારીઓની સમીક્ષા કરવા એક બેઠક યોજી હતી
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે કેન્દ્ર સરકાર દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા ભારત-મ્યાનમાર સરહદ પર વાડ લગાવવા માટે પ્રતિબદ્ધ છે
- ✓ ભારતમાં નેપાળના રાજદૂત શંકર પ્રસાદ શર્માએ ભારતીય વેપારી સમુદાયને નેપાળમાં રોકાણ કરવા અંગે વિચાર કરવા હાકલ કરી
- ✓ એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ 2024માં પુરુષ વિભાગમાં ઉદિતે રજતચંદ્રક તથા અભિમન્યુ અને વિકીએ પોતપોતાના વજનગ્રુપમાં કાંસ્યચંદ્રક જીત્યો

## *Lok Sabha 3RD PHASE*

**લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડશે.**

**આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.**

**જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત,**

બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અન્ય એક ખાલી પડેલી વિધાનસભા બેઠક વિસાવદર ઉપર પેટાચૂંટણી જાહેર થઇ નથી.

.................

## *PM-RAJASTHAN-CAMPAIGN*

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન માટે ભાજપ અને કોંગ્રેસે એડીચોટીનું જોર લગાવી દીધું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બાડમેરમાં જાહેરસભાને સંબોધશે. કેન્દ્રીય રાજ્યમંત્રી અને બાડમેરથી ભાજપના ઉમેદવાર કૈલાશ ચૌધરીના સમર્થનમાં બાડમેરના આદર્શ સ્ટેડિયમમાં આ વિજય શંખનાદ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રી મોદી સાંજે દૌસામાં રોડ શોનું નેતૃત્વ કરશે. અમારા સંવાદદાતા જણાવે છે કે શ્રી મોદી સિવાય, બીજેપીના અન્ય ઘણા સ્ટાર પ્રચારકો આજે વિવિધ લોકસભા બેઠકો પર પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરશે.

.................

## *RAJNATH-SINGH-UTTARAKHAND*

ઉત્તરાખંડમાં વિવિધ પક્ષોના અગ્રણી નેતાઓએ લોકસભા ચૂંટણી માટે તેમના પક્ષના ઉમેદવારોને સમર્થન મેળવવાના પ્રયાસો તેજ કર્યા છે.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે ગઢવાલ અને કુમાઉ ડિવિઝનમાં ચૂંટણી રેલીઓ કરશે. તેઓ ચંપાવત, ચમોલી અને કાશીપુરમાં જાહેર સભાઓને સંબોધશે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની પણ આજે હરિદ્વારમાં ઘણી જગ્યાએ ભાજપના ઉમેદવારોના પક્ષમાં જાહેર સભાઓ કરશે.

.................

## *PM - HEATWAVE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી ગરમીની મોસમની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી.

પ્રધાનમંત્રીને આ વર્ષે એપ્રિલથી જૂનના સમયગાળા માટે તાપમાનના અંદાજ વિશે માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં આવશ્યક દવાઓ, આઈસ પેક, ઓઆરએસ અને પીવાના પાણીના સંદર્ભમાં આરોગ્ય ક્ષેત્રની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. ટેલિવિઝન, રેડિયો અને સોશિયલ મીડિયા જેવા તમામ પ્લેટફોર્મ્સ દ્વારા ખાસ કરીને પ્રાદેશિક ભાષાઓમાં આવશ્યક જાગૃતિ સામગ્રીના સમયસર પ્રસાર પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન પ્રધાનમંત્રીએ સમગ્ર સરકારી અભિગમ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સરકારના તમામ અધિકારી અને વિવિધ મંત્રાલયોએ સાથે રહી કામ કરવાની જરૂર છે. શ્રી મોદીએ હોસ્પિટલોમાં પૂરતી તૈયારી સાથે જાગૃતિ નિર્માણ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જંગલમાં લાગેલી આગને ઝડપી શોધી કાઢવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

.................

## *JAISHANKAR-MIZORAM*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે કેન્દ્ર સરકાર દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા ભારત-મ્યાનમાર સરહદ પર વાડ લગાવવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે મિઝોરમના લોકોને  પરિસ્થિતિ સમજવાની અપીલ કરી હતી. આઈઝોલમાં 'ભાજપ મિઝોરમ વિઝન ડોક્યુમેન્ટ' નામના બીજેપીના ચૂંટણી ઢંઢેરાને બહાર પાડ્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં ડૉ. જયશંકરે કહ્યું હતું કે 'જો મ્યાનમાર શાંતિપૂર્ણ દેશ હોય કે પડોશી દેશમાં ગૃહયુદ્ધ જલ્દી પૂર્ણ થવા જઈ રહ્યું હોય, તો એવું નથી. ત્યાં સરહદ પર વાડ કરવાની જરૂર છે. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતાને કારણે મ્યાનમારમાંથી મોટા પાયે ગેરકાયદેસર ડ્રગ્સની હેરાફેરી પણ ભારત માટે મોટી ચિંતાનો વિષય છે. 'BJP મિઝોરમ વિઝન ડોક્યુમેન્ટ' વિશે બોલતા, વિદેશ મંત્રીએ કહ્યું કે મિઝોરમના લોકો આયુષ્માન ભારત કાર્ડનો ઉપયોગ કરીને 5 લાખથી 10 લાખ રૂપિયાની મફત તબીબી સારવારનો લાભ લઈ શકશે. તેમણે કહ્યું કે રાજ્યમાં આરોગ્ય સુવિધાઓને સુધારવા માટે એક હજાર કરોડની ફાળવણી કરવામાં આવશે, જ્યારે એકમાત્ર જોરમ મેડિકલ કોલેજને રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સમાં અપગ્રેડ કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યમાં સરકારી શાળાઓ અને કોલેજોની જાળવણી માટે 300 કરોડ અને 450 કરોડ ફાળવવામાં આવશે, જ્યારે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાને પ્રાથમિકતા આપવામાં આવશે.

.................

## *INDIA-NEPAL*

ભારતમાં નેપાળના રાજદૂત શંકર પ્રસાદ શર્માએ ભારતીય વેપારી સમુદાયને નેપાળમાં રોકાણ કરવા અંગે વિચાર કરવા હાકલ કરી છે અને કહ્યું છે કે હિમાલયી રાષ્ટ્રમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે નવી દિલ્હી પ્રથમ નંબરનું સ્થળ છે.

નવી દિલ્હીમાં આયોજિત “ઇન્ડસ્ટ્રી આઉટરીચ મીટ” ને સંબોધતા તેમણે કહ્યું કે ભારત નેપાળનું સૌથી મોટું રોકાણકાર છે. નેપાળમાં કુલ મૂડીરોકાણમાંથી એક તૃતીયાંશ ભારતમાંથી આવે છે. નેપાળમાં રોકાણને પ્રોત્સાહન આપવાના મામલે ભારત પ્રથમ નંબરે છે. તેમણે કહ્યું કે ભારતીય રોકાણકારોએ નેપાળની મુલાકાત લેવા અને હાઈડ્રોપાવર સેક્ટરમાં રોકાણ

કરવામાં રસ  લેવો જોઈએ. રાજદૂતે ગઇકાલે રાષ્ટ્રીય રાજધાનીમાં ભારતમાં નેપાળ એમ્બેસી અને  PHDCCI દ્વારા આયોજિત “ઇન્ડસ્ટ્રી આઉટરીચ મીટ”માં ભારતીય ઉદ્યોગપતિઓને  નેપાળમાં આમંત્રણ આપ્યું હતું. આ કાર્યક્રમ 28-29 એપ્રિલના રોજ કાઠમંડુમાં યોજાનાર નેપાળ રોકાણ શિખર પરિષદ 2024 પહેલા આયોજિત કરવામાં આવ્યો છે.

.................

## IMD

ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે મધ્ય ભારતમાં આજે પણ હળવોથી મધ્યમ વરસાદ પડશે.

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, વિદર્ભ, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં વાવાઝોડાં સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં આવતીકાલથી બે દિવસ સુધી અને રવિવારે હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે.

.................

## J-K-NARCOTICS-SMUGGLING

જમ્મુ અને કાશ્મીરમાં રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં નિયંત્રણ રેખાની આગળ  આવેલા એક ગામની ગ્રામ સુરક્ષા સમિતિના સભ્યએ સરહદ પારથી નશીલા દ્રવ્યોની દાણચોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે.

આ ઘટનામાં 8 કિલોગ્રામથી વધુ શંકાસ્પદ ડ્રગ્સ મળી આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે માકરી ગામના એક વીડીસી સભ્યએ ગામમાં ચાર લોકોને શંકાસ્પદ સંજોગોમાં ફરતા જોયા બાદ એલાર્મ વગાડ્યો હતો. તેમની ઓળખ નવીન કુમાર, સુખવિન્દર, દવિન્દર ઉર્ફે મુન્ના અને શુભમ તરીકે કરવામાં આવી છે. આ તમામ માકરી ગામના રહેવાસી છે. પોલીસ અને સૈન્યની ટીમે તેમની પાસેથી આશરે સાડા આઠ કિલોગ્રામ વજનની હેરોઈન જેવા પદાર્થની એક બેગ જપ્ત કરી છે.

.................

## *ASIAN-WRESTLING-CHAMPIONSHIPS-2024*

કુસ્તીમાં ભારતના 19 વર્ષના ઉદિતે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ 2024માં પુરુષોની 57 કિલોગ્રામ વજન વર્ગમાં રજત ચંદ્રક જીત્યો હતો.

પુરૂષોના 70 કિલોગ્રામમાં અભિમન્યુ અને 97 કિલોગ્રામમાં વિકીએ પોતપોતાના વજનગ્રુપમાં કાંસ્યચંદ્રક જીતીને ભારતના મેડલની સંખ્યા ત્રણ પર પહોંચાડી દીધી. 67 કિલોગ્રામમાં રોહિત અને 79 કિલોગ્રામમાં પરવિન્દર સિંઘે પણ ભાગ લીધો હતો. ઉદિતે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ઈરાનના ઈબ્રાહિમ મહદી ખારીને 10-8થી, ક્વાર્ટર ફાઇનલમાં કિર્ગિસ્તાનના અલ્માઝ સ્માનબેકોવને 6-4થી અને સેમિફાઈનલમાં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોરિયાના કિમ કુમ હ્યોકને 4-3થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. વિકીએ કિર્ગિસ્તાનના આંદ્રે અરોનોવને 10-1થી હરાવીને કાંસ્યચંદ્રક જીત્યો હતો. ભારતીય કુસ્તીબાજોમાં 61 કિલોગ્રામમાં આકાશ દહિયા, 74 કિલોગ્રામમાં યશ તુષિર, 86 કિલોગ્રામમાં સંદીપ માન, 92 કિલોગ્રામમાં વિનય અને 125 કિલોગ્રામમાં અનિરુદ્ધ કુમાર પોતપોતાની મેચ રમશે.

.................

## *ISSF-S-FINAL-OLYMPIC-QUALIFIERS*

ISSF ફાઇનલ ઓલિમ્પિક ક્વોલિફિકેશન ચેમ્પિયનશિપનો આજથી રિયો ડી જાનેરિયોમાં આરંભ થશે.

દરમિયાન શૂટિંગમાં, ત્રણ ભારતીય મહિલા શૂટર્સ પિસ્તોલ ઇવેન્ટમાં જીતવા માટે બાકી રહેલા એકમાત્ર ક્વોટા સ્થાન માટે તેમનું સ્થાન બનાવવા માટે તૈયાર છે. એશિયન ગેમ્સની ચેમ્પિયન પલક અને ચંદીગઢની સાન્યામ અને સુરભી રાવ મહિલાઓની 10 મીટર એર પિસ્તોલમાં બીજા પેરિસ ઓલિમ્પિક ક્વોટા સ્થાનનો દાવો કરવાનો પ્રયાસ કરશે. ભારતીય શૂટરોએ

પહેલાથી જ પેરિસ 2024 ગેમ્સ માટે રેકોર્ડ 19 ક્વોટા સ્થાન મેળવી લીધા છે, જેમાં આઠ રાઈફલમાં, સાત પિસ્તોલમાં અને ચાર શોટગનમાં સામેલ છે.

ઈશા સિંહે વર્ષની શરૂઆતમાં જકાર્તામાં એશિયા ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં સુવર્ણચંદ્રક સાથે પ્રથમ મહિલા એર પિસ્તોલ ક્વોટા સ્થાન મેળવ્યું હતું. પલક, સાન્યામ અને સુરભી જેઓ હાલમાં ભારતમાં અનુશાસનમાં ત્રીજા, પાંચમા અને છઠ્ઠા ક્રમે છે, તેઓ આવતીકાલે ક્વોલિફિકેશન રાઉન્ડ માટે રમશે, જેમાં ટોચના આઠ ક્વોલિફાયર રવિવારે ફાઇનલમાં ભાગ લેશે. આજે સ્પર્ધાઓના પ્રથમ દિવસે યોજાનારી 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમની ફાઇનલ છે. જેમાં 76 દેશોના કુલ 466 ખેલાડીઓ મેદાનમાં છે.

.................

## *INDIAN-SUPER-LEAGUE*

ઈન્ડિયન સુપર લીગમાં ફૂટબોલમાં મોહન બાગાન સુપર જાયન્ટ-એમબીએસજીએ ગઇકાલે બેંગલુરુમાં રમાયેલી મેચમાં બેંગલુરુ એફસીને 4-0થી પરાજય આપ્યો છે.

21 રમતોમાં 45 પોઈન્ટ સાથે મેરીનર્સ 47 પોઈન્ટ સાથે ટોચના સ્થાને રહેલી મુંબઈ સિટી એફસી થી બે પોઈન્ટથી પાછળ છે. સોલ્ટ લેક સ્ટેડિયમમાં સોમવારે આઈલૈડર્સનો મુકાબલો મરીનર્સ સાથે થશે.

.................

## *IPL*

IPL ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને સાત વિકેટે હરાવી બીજી જીત મેળવી હતી.

197 રનના લક્ષ્યાંકનો પીછો કરતા મુંબઈ ઈન્ડિયન્સે 199 રન બનાવી જીત હાસલ કરી હતી. સૂર્યકુમાર યાદવે 19 બોલમાં 52 રન કર્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સે 15.3 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 199 રન બનાવ્યા હતા. આ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને

196 રન બનાવ્યા હતા. જસપ્રીત બુમરાહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે લખનૌમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ સામે મુકાબલો થશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

.................

## *EVE ASSAM-TINSUKIA PLEDGE*

આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમા અને કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે ગઇકાલે આસામના દિબ્રુગઢ ખાતે રેલીઓ યોજી હતી.

શ્રી શર્માએ દાવો કર્યો હતો કે મોદી સરકારના શાસનમાં આસામમાં 80 લાખ લોકો ગરીબીમાંથી બહાર નીકળ્યા છે. દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે ગઇકાલે ગુવાહાટીમાં પ્રેસ કોન્ફરન્સ કરી અને આરોપ લગાવ્યો હતો કે ભાજપ ખોટા વચનો આપી રહી છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરાહ, સાંસદ ગૌરવ ગોગોઈ અને આસામ ગણ પરિષદના પ્રમુખ અતુલ બોરાએ પણ મતદારોને રીઝવવા માટે જાહેર સભાઓ યોજી હતી.

AAP નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આવતીકાલે પાર્ટીના ઉમેદવારો માટે તિનસુકિયા અને સોનિતપુરમાં પ્રચાર કરશે.

.................